' નોડલ અધિકારી' ની નિમણૂંક
કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંકઃ હસલ–૧૦૨૦૦૨–ભા– સ –૧૫–હ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : –૩–૨–૨૦૦૩.

**વંચાણે લીધા** : –

(૧) ભારત સરકારના તા.૫–૧૨–૨૦૦૨ ના પત્ર ક્રમાંકઃ૧૧૦૨૦–૨–૨૦૦૨–પીસીઆર (ડેસ્ક)

(૨) સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃહસલ–૧૦૯૬–૮૨૦–હ તા. ૧૦–૧૨–૯૭

(૩) ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંકઃ અતહ–૧૯૨૦૦૨–૨૧૩૨–ઝ તા.૨૦–૧૨–૨૦૦૨

**ઠરાવ** : –

અનુસૂચિત જાતિ / જન જાતિ ( અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ ની કલમ – ૨૩ (૧) થી મળેલ સત્તાની રૂએ કેન્દ્ર સરકારે તેમના ——— તા. ૩૧–૩–૯૫ ના જાહેરનામા થી અનુસૂચિત જાતિ / જન જાતિ ( અત્યાચાર નિવારણ) નિયમો ૧૯૯૫ બહાર પાડયા છે. આ નિયમોના નિયમ– ૯ હેઠળ અત્યાચાર અધિનિયમ, ૧૯૮૯ ના અસરકારક અમલ માટે પોલીસ અને અન્ય અધિકારીઓની કામગીરીના સંકલન માટે રાજય સરકારના સચિવશ્રી કક્ષાના " નોડલ અધિકારી" કે જેઓ ખાસ કરીને અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિ જાતિના હોઈ, નિમણૂંક કરવાની જોગવાઈ થયેલ છે. ભારત સરકારના સંદર્ભમાં (૧) માં વંચાણે લીધાના પત્ર અન્વયે આ જોગવાઈમાંની વિગતે સચિવશ્રી ( સા.ન્યા ) / અગ્ર સચિવશ્રી / અધિક મુખ્ય સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર ને હોદ્દાની રૂએ " નોડલ અધિકારી " તરીકે નિમવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

(પાછળ)

૨. આ બાબતે સરકારશ્રીએ પુખ્ત વિચારણાના અંતે અનુસૂચિત જાતિ / જન જાતિ પર થતા અત્યાચાર નિવારણ માટે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સચિવશ્રી /અગ્ર સચિવશ્રી/ અધિક મુખ્ય સચિવશ્રીને હોદ્દાની રૂએ " નોડલ અધિકારી " તરીકે નિમણૂંક કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / અધિક મુખ્ય સચિવશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા એ હોદ્દાની રૂએ અનુસૂચિત જાતિ / જન જાતિ અત્યાચાર નિવારણ ધારો, ૧૯૯૫ ના નિયમ – ૯ હેઠળ દર્શાવવામાં આવેલ બાબતો અંગેની કામગીરી બજાવવાની રહેશે. અને તે બાબતો માટે તેઓશ્રી જવાબદાર રહેશે.

**ગુજરાતના રાજય પાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(signature)

**સંયુકત સચિવ**
**સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.**
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન , ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ / રાજય કક્ષા મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- સચિવાલયના સર્વે વિભાગો.
- નિયામકશ્રી,સામાજીક ન્યાય અને અ. મંત્રાલય, શાસ્ત્રીભવન,નવી દિલ્હી
- નિયામકશ્રી, અ.જા.ક. ર્ડા. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ /સર્વ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ, અધિકારીશ્રીઓ.
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( પંચાયત ).
- તકેદારી અધિકારીશ્રી, અમદાવાદ / વડોદરા / રાજકોટ.
- વિભાગની સર્વે શાખાઓ.
- સિલેકટ ફાઈલ.